# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

**1)** "માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026" સ્પર્ધાના રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરના વિજેતાઓ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વાતચીત કરશે

**2)** ભારતે અફઘાનિસ્તાનના વિસ્તારોમાં પાકિસ્તાનના હવાઈ હુમલાઓની સખત ટીકા કરી

**3)** જમ્મુ અને કાશ્મીર પોલીસે ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા પર ગોળીબારના પ્રયાસની ઘટનાની તપાસ માટે SIT ની રચના કરી

**4)** ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા આજે નવી દિલ્હીમાં પ્રતિષ્ઠિત નમન એવોર્ડ્સ 2026 એનાયત કરાશે

**5)** ગુજરાતનાં અમદાવાદમા ચાલી રહેલી ગોલ્ફ ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન 2026ના ત્રીજા રાઉન્ડ બાદ સપ્તક તલવાર અને ધ્રુવ શ્યોરન સંયુક્ત રીતે ટોચ પર

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - MY BHARAT BUDGET QUEST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી શરૂ થનારી "માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026" સ્પર્ધાના રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરના વિજેતાઓ સાથે વાતચીત કરશે.

આ પહેલનો હેતુ યુવાનોને કેન્દ્રીય બજેટ પર ચર્ચા કરવા અને વિકસિત ભારત બનાવવા અંગે તેમના મંતવ્યો શેર કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ...

## VC – કૌશિક

"માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026" માં 12 લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો અને 47 હજાર નિબંધો રજૂ કરાયા હતા. કેન્દ્રીય બજેટ 2026 ને વ્યાપકપણે યુવા-સંચાલિત બજેટ માનવામાં આવે છે. આ સંદર્ભમાં, માય ઇન્ડિયા પ્લેટફોર્મ પર આયોજિત માય ઇન્ડિયા બજેટ ક્વેસ્ટ 2026, એક અનોખી પહેલ તરીકે ઉભરી આવ્યું છે.

# MEA - PAK AFGHAN

ભારતે અફઘાનિસ્તાનના વિસ્તારોમાં પાકિસ્તાનના હવાઈ હુમલાઓની સખત નિંદા કરી છે, જેમાં અસંખ્ય નાગરિકોના મોત થયા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે આ પાકિસ્તાનનું

બીજું આક્રમક પગલું છે, જે સાર્વભૌમ અફઘાનિસ્તાનની વિભાવના પ્રત્યે તેના પ્રતિકૂળ વલણને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે ભારત પુનરોચાર કરે છે કે અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સંપૂર્ણ સન્માન કરવું જોઈએ.

## J&K-SIT

જમ્મુ અને કાશ્મીર પોલીસે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લા ઉપર થયેલી ફાયરિંગ ઘટનાની તપાસ માટે એક ખાસ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે. આ ટીમ જમ્મુ-સાંબા-કઠુઆ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકની દેખરેખ હેઠળ કામ કરશે.

ટીમમાં વરિષ્ઠ પોલીસ અધિક્ષક સંજય શર્મા, પોલીસ અધિક્ષક ઇર્શાદ હુસૈન રાથેર, નાયબ પોલીસ અધિક્ષક અરવિંદ કુમાર સાંબ્યાલ; ઇન્સ્પેક્ટર સ્વરૂપ સિંહ, પરમજીત સિંહ, સંજીવ ચિબ અને ઇન્સ્પેક્ટર શારિક મજીદનો સમાવેશ થાય છે. ટીમને સંપૂર્ણ તપાસ કરવા અને નિર્ધારિત સમયમાં તપાસ પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. SIT ની રચના કરવાનો આદેશ જમ્મુ ઝોનના પોલીસ મહાનિરીક્ષક ભીમ સેન તુતી દ્વારા જારી કરવામાં આવ્યો હતો.

આ ઘટના 11 માર્ચે બની હતી, જ્યારે ફારુક અબ્દુલ્લા જમ્મુના એક હોલમાં લગ્ન સમારોહમાં હાજરી આપી રહ્યા હતા.

# SWITZERLAND- US - FLY REQ

સ્વિટ્ઝર્લૅન્ડે પશ્ચિમ એશિયામાં લશ્કરી કાર્યવાહીના ભાગ રૂપે તેના પ્રદેશ પર ઉડાન ભરવા માટે અમેરિકાની બે વિનંતીઓને નકારી કાઢી છે. એક સરકારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તટસ્થતા કાયદાઓ સંઘર્ષના પક્ષોને લશ્કરી હેતુઓ માટે તેના પ્રદેશ પર ઉડાન ભરવાથી પ્રતિબંધિત કરે છે. જોકે, સ્વિસ સરકારે કહ્યું કે તેણે ત્રણ અન્ય ફ્લાઇટ્સ માટે પરવાનગી આપી છે, જેમાં એક એરક્રાફ્ટ મેન્ટેનન્સ ફ્લાઇટ અને બે ટ્રાન્સપોર્ટ ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે.

# TRUMP-HORMUZ STRAIT

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અસરગ્રસ્ત દેશોને વિનંતી કરી છે કે તેઓ હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત કરવામાં તેહરાનને મદદ કરવા માટે તેમના યુદ્ધ જહાજો મોકલે. ઈરાન સાથેનું યુદ્ધ હવે ત્રીજા અઠવાડિયામાં પ્રવેશ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે ચીન, ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા અને બ્રિટન સહિતના દેશોને હોર્મુઝ સ્ટ્રેટમાં તેમના યુદ્ધ જહાજો મોકલવા વિનંતી કરી. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા દરિયાકાંઠાના વિસ્તારોમાં બોમ્બમારો ચાલુ રાખશે અને ઈરાની જહાજો અને બોટને નિશાન બનાવશે.

28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર એક મોટો સંયુક્ત હુમલો કર્યો, અને ઈરાન વળતો જવાબ આપે છે જે હવે સમગ્ર ખાડી ક્ષેત્રમાં ફેલાઈ ગયો છે. હોર્મુઝમાં ઈરાની હુમલાઓએ સ્ટ્રેટમાં દરિયાઈ ટ્રાફિકને ખોરવી

**નાખ્યો છે, જે ક્રૂડ ઓઈલ અને ઉર્જા પુરવઠાની વૈશ્વિક સપ્લાય ચેઈન માટે મહત્વપૂર્ણ છે.**

**ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાએ ઈરાનની લશ્કરી ક્ષમતાને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધી છે. ઈરાન દ્વારા પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચેના સાંકડા દરિયાઈ પરિવહન માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટને વર્ચ્યુઅલ રીતે અવરોધિત કર્યા પછી વૈશ્વિક તેલ અને ગેસના ભાવમાં વધારો થયો છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BCCI-NAMAN AWARDS

**ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) આજે નવી દિલ્હીમાં પ્રતિષ્ઠિત નમન એવોર્ડ્સ 2026નું આયોજન કરશે. આ સમારોહમાં ક્રિકેટ દિગ્ગજ રોજર બિન્ની અને રાહુલ દ્રવિડને ભારતીય ક્રિકેટમાં અસાધારણ સેવા બદલ BCCI દ્વારા આપવામાં**

આવતા સર્વોચ્ચ સન્માન કર્નલ સી.કે. નાયડુ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાશે.

ભારતીય મહિલા ટીમની ભૂતપૂર્વ કેપ્ટન મિતાલી રાજને મહિલા ક્રિકેટમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ BCCI લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાશે. નમન એવોર્ડ્સ 2024-25 ક્રિકેટ સીઝનમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કરનાર ખેલાડીઓને પણ સન્માનિત કરશે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે ચંદીગઢ, હરિયાણા, પૂર્વી ઉત્તરપ્રદેશ, પંજાબ અને ઉત્તરાખંડમાં વાવાઝોડા, કરા પાડવાની સાથે ભારે પવન ફૂંકાશે તેવી આગાહી કરી છે. આ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, ઓડિશા, તેલંગાણા, વિદર્ભ અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ વાવાઝોડા, વીજળી અને ભારે પવન ફૂંકાશે તેવી શક્યતા છે, જેના માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દરમિયાન, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં ગાજવીજ સાથે કરા, ભારે પવન સાથેવરસાદની શક્યતા છે.

# GOLF

અમદાવાદમા ચાલી રહેલી ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન 2026ના ત્રીજા રાઉન્ડ બાદ  સપ્તક તલવાર અને ધ્રુવ શ્યોરન સંયુક્ત રીતે ટોચ પર રહ્યા છે.

સપ્તક (68-71-69) અને ધ્રુવ (69-69-70) બંને આઠ અન્ડર 208ના સમાન કુલ સ્કોર સાથે સંયુક્ત આગેવાનીમાં રહ્યા. સપ્તકના ભૂલ રહિત 69ના સ્કોરે તેમને ત્રણ સ્થાનનો ઉછાળો અપાવ્યો, જ્યારે ધ્રુવના 70ના સ્કોરે તેમને એક સ્થાન ઉપર પહોંચાડ્યા. મનુ ગાંદાસે દિવસનો સંયુક્ત સૌથી નીચો સ્કોર 67 કર્યો અને 11 સ્થાનનો ઉછાળો મેળવી સાત અન્ડર 209 સાથે ત્રીજા સ્થાને પહોંચ્યા.

આર્યમાન આદિત્ય મોહને પણ દિવસનો સંયુક્ત સૌથી નીચો સ્કોર 67 નોંધાવ્યો અને છ અન્ડર 210 સાથે ચોથા સ્થાન માટેની સંયુક્ત સ્થિતિમાં દિવસ પૂર્ણ કર્યો. તેમની સાથે અર્જુન પ્રસાદ અને ફ્રાન્સના ક્લેમેંટ સોર્ડેટ પણ રહ્યા.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોશી

- આજના મોટાભાગના અખબારોએ એલપીજી ગેસને લગતા સમાચાર પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે..
- બાટલા ની બબાલ પૂરી થશે, પ્રજાને હાશકારો..ભારતના ટેન્કર શિવાલિક અને નંદા દેવી 92,700 ટન LPG સાથે 2 દિવસમાં ગુજરાતના બંદરે પહોંચશે તેને ગુજરાત સમાચારે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- હોર્મુઝ ઉપર કબજો કરવાની તૈયારી માં અમેરિકા?એને કુલ છાબ એને મુખ્ય સમાચાર છાપ્યા છે
- પોષણ કે પાવરહાઉસ પર મિલાવટ ખોરો કા ડાકાને રાજસ્થાન પત્રિકા એ આ સમાચારને પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.
- અછત અને અફવાની અસર, લાકડા તથા કોલસાની માંગ 25 થી 30 ટકા વધી અમદાવાદ હોટેલ સંચાલકો દ્વારા બજારમાં 30 થી 40 હજાર કિલો વધારાના લાકડાની ખરીદીના સમાચાર ગુજરાત સમાચારે છાપ્યા છે.